
ગાંધીજીના કપડામાં એકેય
ખીસું ન હતું આજે બધાના
ખીસામાં ગાંધીજી છે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૯ | ૮ ઓગષ્ટ, ૨૦૧૩, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# લોકાયુક્તનો પદભાર સ્વીકારવા આર.એ. મહેતાનો ઈનકાર

## નિમણૂંક સામે મોદી સરકારની લાંબી લડાઈ મુખ્ય કારણ : મહેતા : જસ્ટિસ મહેતાએ રાજ્યપાલ બેનીવાલ અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખી કારણોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો : વિનમ્રતાપૂર્વક સહમતિ પાછી ખેંચી



અમદાવાદ,તા. ૭ ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂંકને લઈને ચાલી રહેલા વિવાદમાં આજે નવો વળાંક આવ્યો હતો કારણ કે નિવૃત્ત જસ્ટિસ આરએ મહેતાએ ગુજરાતના લોકાયુક્ત તરીકેના હોદ્દાને સ્વીકારવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. મહેતાએ લોકાયુક્તનો હોદ્દો ન સ્વીકારવા માટેના કારણો આપતા જણાવ્યુ હતુકે ગુજરાત સરકાર દ્વારા તેમની નિમણૂંકની સામે લાંબી લડાઈ કાયદાકીયરીતે લડી છે અને આમાં જંગી ખર્ચ થઈ ચુક્યો છે. મહેતાએ આ સંબંધમાં તર્કદાર દલીલો પણ રજુ કરી છે જેથી ભાજપ સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે.

ગુજરાતમાં લોકાયુક્તની જગ્યા આશરે ૧૦ વર્ષથી ખાલી પડેલી છે. આ જગ્યા ભરવા માટે હજુ વધુ સમય સુધી રાહ જોવી પડે તેવી શક્યતા છે કારણ કે જસ્ટિસ (નિવૃત્ત) આર એ મહેતાએ ગુજરાત લોકાયુક્ત તરીકે નિમણૂંક માટે તેમની મંજૂરીને પાછી ખેંચી લીધી છે અને આ હોદ્દો સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. ગુજરાતના રાજ્યપાલ કમલા બેનીવાલ અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને લખવામાં આવેલા પત્રમાં જસ્ટિસ મહેતાએ કહ્યું છે કે તેઓ રાજ્ય સરકાર દ્વારા દર્શાવવામાં આવેલા વલણના અનુસંધાનમાં આ હોદ્દો સ્વીકાર કરવાની સ્થિતિમાં નથી. મહેતાએ લખેલા પત્રમાં સાફ કારણોનો ઉલ્લેખ કર્યો છે જેના

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શિક્ષણમાં ઉપચારાત્મક શિક્ષણનો પ્રારંભ

## ગુણોત્સવના પરિણામો બાદ તંત્રએ આ અભિગમ હાથ ધર્યો છે

ગાંધીનગર, તા. ૭ ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ બાદ હવે બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણનું ખાસ અભિયાન હાથ ધરવાનો મહત્વનો નિર્ણય જિલ્લા શિક્ષણ તંત્રએ લીધો છે.

જિલ્લા પ્રા. શિ. અધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે આ ઉપચારાત્મક શિક્ષણના મોનીટરીંગ માટે ખાસ ૧૫૦ શિક્ષકો, કેળવણી નિરીક્ષકો તેમજ શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે.

દર સપ્તાહે આ ઉપચારાત્મક શિક્ષણથી વિદ્યાર્થીને થયેલા લાભની વિશેષ સમીક્ષા કરવામાં આવશે એમ પણ તેમણે જણાવ્યુ હતુ. આ વિદ્યાર્થીઓને શાળાના સમય પહેલાં અને પછીના સમય દરમ્યાન ભણાવવામાં આવશે.

ધો. ૬ થી ૮ના બાળકોને વાંચન, લેખન અને ગણનના પાઠ શિખવવામાં આવશે. જ્યારે ધો. ૨ થી ૫ ના બાળકોને ભાષા અને ગણનના વિશેષ પાઠ ભણાવવામાં આવશે.

જે વિદ્યાર્થીઓને ૪ કરતાં ઓછા ગુણાંક મળ્યા છે તેવા જ વિદ્યાર્થીઓને આ ઉપચારાત્મક શિક્ષણમાં સમાવવામાં આવશે. આ માટે જે તે શાળાએ ગુણોત્સવ મૂલ્યાંકનની માર્કશીટ ક્લીક કરીને મેળવવાની રહેશે.

શ્રી સોલંકીએ જણાવ્યું હતુ કે જિલ્લામાં ગુણોત્સવના પરિણામમાં જે નોંધપાત્ર સુધારો દેખાયો છે તેમાં હજી પણ સુધારો કરવાની સંપૂર્ણ ક્ષમતા તંત્ર પાસે છે અને આગામી દિવસોમાં મોખરાનું સ્થાન મેળવવા આ વખતે તંત્ર કટિબદ્ધ બન્યુ છે.

ગુણોત્સવ પૂર્વે પ્રિ. ગુણોત્સવનું આયોજન પણ કરવામાં આવશે. હાલ તંત્ર બાળકોને ઉપચારાત્મક શિક્ષણ દ્વારા તેમના બુદ્ધિ-જ્ઞાન કૌશલ્યના સ્તર માટે કટિબદ્ધ છે.



રમઝાન માસ હવે પૂર્ણતાના આરે છે અને ઈદની ઉજવણીની તૈયારીઓ થઈ ચુકી છે. મસ્જીદોમાં ઠેર ઠેર સામુહિક ઈફતાર કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રોશનીથી ઈમારતો અને મસ્જીદો ઝળહળી રહી છે. પવિત્ર રમઝાન માસ હવે એક-બે દિવસમાં પૂર્ણ થશે. ઈદની ઉજવણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મસ્જીદોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. નમાઝના સમયે અને ઈફતારીના સમયે મસ્જીદોમાં વિશેષ ભીડ જોવા મળી રહી છે. વિવિધ સંસ્થાઓ અને આગેવાનો દ્વારા સામુહિક ઈફતારીના કાર્યક્રમો યોજાઈ રહ્યાછે. મુસ્લિમ વિસ્તારોમાં દરેક ઘર પર રોશની જોવા મળી રહી છે. સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૯ની મસ્જીદમાં રોશની કરાઈ છે. ઈદની ઉજવણી પહેલા બજારોમાં પણ ભીડ જોવા મળી રહી છે. તૈયાર વસ્ત્રો, ખાણી-પીણી અને ઘર સજાવટની ચીજવસ્તુઓના વેચાણમાં વધારો થયો છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં દિવેલાનું વિક્રમી વાવેતર

## શાકભાજી તેમજ ડાંગર અને ફેર રોપણીના પાકોનું વાવેતર હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૭ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી વરસાદે વિરામ લેતાં ખેડૂતો પુનઃ ખેતીકાર્યમાં વ્યસ્ત બન્યા છે. ફેર રોપણીના પાકો તેમજ દિવેલાની ખેતીની વાવણીમાં ખેડૂતો વ્યસ્ત બની વરસાદ સારો થયાનો સંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં ૨૦ દિવસથી પણ વધુ દિવસો દરમ્યાન વરસાદી વાતાવરણની જમાવટ બાદ છેલ્લા ૩ દિવસથી જે રીતે તડકો જોવા મળી રહ્યો છે તેને લઈ ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

ખેડૂતો હાલ કપાસમાં નિંદામણ સહિતની કામગીરી કરવા ઉપરાંત દિવેલા તેમજ ફેર રોપણીના વાવેતરમાં પણ વ્યસ્ત છે. જિલ્લામાં આ વખતે દિવેલાનો વાવેતર વિસ્તાર વધશે તેવો અંદાજ છે.

સામાન્યતઃ ૩૦ થી ૩૨ હજાર હેક્ટરમાં દિવેલાનું વાવેતર થતુ હોય છે. આ વખતે ૩૫ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત વેલાવાળા શાકભાજી તેમજ અન્ય શાકભાજીના વાવેતરમાં પણ સારો એવો વધારો થશે.

જિલ્લામાં ચોમાસાના પ્રથમ તબક્કામાં જ ૭૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જે જિલ્લામાં સામાન્ય થતા વરસાદ કરતાં ૨૨ ટકા જેટલો વધુ વરસાદ થયો છે. આથી જમીનમાં ભેજનું તત્વ સારૂ એવું જામેલુ છે અને તેની સીધી અસર પાકના ઉગાવા પર પડતી હોય છે.

જિલ્લામાં જે રીતે વરસાદ પછી વરાપ નોંધાયો છે તેથી ખેડૂતોમાં ચારેકોર આનંદની લાગણી છવાયેલી છે. દિવેલાના વાવેતરમાં વિલંબ થયો છે પણ સારા વરસાદ પછી ખેડૂતો હવે આ પાકના વાવેતર માટે વધુ ઉત્સાહી જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં સતત વરસાદી માહોલ છવાયેલો રહેતાં ચોમાસુ બાજરીમાં થોડુક નુકશાન થયાનો રંજ ખેડૂતોમાં જોવા મળી રહ્યો છે. જો કે તેના પૂળા પશુધન માટે ઉપીયોગમાં આવશે તેનો સંતોષ પણ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

# હવે, પાંડેની ધરપકડના ભણકારા

અમદાવાદ, તા.૦૭ ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં પી.પી. પાંડે દ્વારા સીબીઆઈ કોર્ટમાં દાખલ કરાયેલી સીઆરપીસીની કલમ-૧૯૭ હેઠળ રાજ્ય સરકારની મંજુરી વગર ધરપકડ ન કરી શકાય તેવી માંગ કરતી અરજી ઉપરાંત કોર્ટમાં ઉપસ્થિત ન રહી શકાય તેવી અન્ય અરજી સહિત બંને અરજીઓ સીબીઆઈ કોર્ટે ફગાવી દીધી છે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ સાથે સંતાકુકડીની છેલ્લા ઘણાં સમયથી રમત રમતા આઈપીએસ પી.પી. પાંડેએ સીબીઆઈ કોર્ટમાં સીઆરપીસી કલમ-૧૯૭ હેઠળ અરજી દાખલ કરી હતી. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૭માં એવી જોગવાઈ છે કે રાજ્યના ઉચ્ચકક્ષાના અધિકારીની ધરપકડ કરવા જે તે તપાસ એજન્સીને કરવા જે તે તપાસ એજન્સીને રાજ્ય સરકારની પરવાનગી લેવી પડે છે ત્યારબાદ જ જે તે તપાસ એજન્સી જે તે ઉચ્ચ અધિકારીની ધરપકડ કરી શકે. પી.પી. પાંડેએ પોતાની ધરપકડ કરવા પહેલા રાજ્ય સરકારની પૂર્વ મંજુરી જરૂરી છે તેવી સીઆરપીસીની

● અનુસંધાન પાન-૭ પર










ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧